# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૫ • તા. ૧૪ જુલાઈ થી ૨૦ જુલાઈ ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.

# એક ક્રાંતિકારી પહેલ :

## જ્ઞાતિનો ઐતિહાસિક પ્રથમ જોબ ફેર

SHREE KDO
SAMAST MAHAJAN

YUVA

YOUTH UNITED FOR VISION AND ACTION

NATIONAL

# JOB FAIR

2018

જીવનમાં

સૌથી વધુ

એ કામ કરતી વખતે

આનંદ થાય છે..

જેના માટે લોકો

કહેતા કે

આ કામ

તું નહીં કરી શકે..



- નીશિથ આનંદ દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-
નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી


: કાર્યાલયઃ

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922, 9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.gyatimaiya.com
email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવ-તા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સાથે મળી આગળ વધવાનો કરીએ સંકલ્પ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન ના ગઠન અને કમિટીએ કાર્યવાહી શરૂ કરી ભલે જૂજ સમય થયો છે. પણ કારોબારી પદાધિકારીઓ ત્વરાથી કાર્યમાં ગૂંથાઈ ઝડપભેર, આયોજન બધ્ધ રીતે જ્ઞાતિજનો સાથે સંકલન સાધી રહ્યાં છે. વિવિધ કમિટિઓની રચના કરાઈ તેના કન્વીનરો, સભ્યોની વરણી કરાઈ, આ સર્વે સમિતિઓની તાજેતરોમાં બેઠક મળી એ સૌએ પોતાનો કાર્યપથ બનાવ્યો છે. આ ધ્યેયને લક્ષ્ય બનાવી સૌ આગળ વધશે. જેની સમય સમયાંતરે સમીક્ષા થતી રહેશે.

ચતુર્થ જ્ઞાતિ સંમેલનનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. દિવસો થોડા અને કામ ઝાઝા જેવી પરિસ્થિતી છે. જ્ઞાતિ સમાજનું કાર્ય છે. જે સમાજના સાથથી સુપેરે પાર પડશે એવો વિશ્વાસ છે.

શ્રી સમસ્ત મહાજન દ્વારા વડોદરા બાદ ભાડુંપ, પૂના, નાશિક, ઔરંગાબાદ, નાંદેડ વિગેરે સ્થળે બેઠક થઈ. તા. ૨૩ થી ૨૫ ડિસેમ્બરના ત્રિદિવસીય મહા સંમેલનની પૂર્વ તૈયારી અને જ્ઞાતિ જાગૃતિના ઉદ્દેશ કાજે વિવિધ શહેરોમાં મહાજન મોવડીઓ સ્થાનિક મહાજનને સાથે રાખી સેમિનારો કરતા રહી વ્યાપ વધારતા રહેશે.

જ્ઞાતિજનો પણ અતિ ઉત્સાહથી સાથ આપી રહ્યાં છે. સૌને હૈયે ઉમંગ, ઉત્સાહની લહેરો લહેરાઈ રહી છે. જે જોઈને હૈયું હરખથી છલકાય છે. આનંદ આનંદ છાય છે.

સમસ્ત મહાજનના મુખપત્રની શરૂઆત કરાઈ છે. જ્ઞાતિમૈયાએ મહાજનશ્રીનું સતાવાર ગેઝેટ છે. જેના દ્વારા ઝડપથી અને આસાનીથી જ્ઞાતિજનો સાથે સંવાદ કરી શકીએ છીએ. અમારી વાત, અમારા વિચાર, અમારા ધ્યેય સૌને જણાવી શકીએ છીએ. જ્ઞાતિજનો માટે શરૂ થયેલ, શરૂ થનારા કાર્યોનું વિગત વાર તપશીલ સૌને જણાવી શકીએ છીએ. સૌ જ્ઞાતિજનો પોતાના વિચારો, પ્રતિભાવો અમને જણાવે. જેથી અમે કાર્યયોજનામાં એનો સમાવેશ કરી શકીએ. યોગ્ય કંઈ જણાયતો તેમાં ફેરબદલ કરી શકીએ સૌના વિચારોનો પડઘો આપણી કાર્ય યોજનામાં પડે એ જરૂરી છે. અને એમાં આપણી સૌની ગતિ, પ્રગતિ છે અને વિકાસ છે.

જય જ્ઞાતિમૈયા.

## કવર સ્ટોરી...

# શ્રી સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા ઐતિહાસિક પગલું

શિક્ષણ અને જ્ઞાનની ક્ષિતિજો સમયની સાથે વિસ્તરતી જાય છે. શૈક્ષણિક અભ્યાસ લઈને મળતી બેચલર અને માસ્ટર ડિગ્રીઓ બહુ બધી જેટલી શિક્ષણ સંસ્થાનો દ્વારા વિદ્યાર્થીઓને ઓફર કરાય છે. વ્યાપાર, મેનેજમેન્ટ, વિજ્ઞાન, મેડિકલ, તંત્રજ્ઞાન, વિગેરે વિગેરેમાં અલગ અલગ પ્રવાહો ખૂલ્લતા રહે છે. જેને લીધે શિક્ષિત યુવા પેઢીને વિવિધ રીતે નોકરી, રોજગાર મળી રહે છે.

શિક્ષિત યુવા વર્ગ કોઈ રેપ્યુટેડ કં માં જોડાઈ પોતાની કારકિર્દી શરૂ કરી શકે છે તો પોતાના શિક્ષણ, જ્ઞાન અને નસીબના બળે આગળ વધવા ઈચ્છુક પોતાનો સ્વતંત્ર ધંધો ખોલી આગળ વધી શકે છે. આ માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ દ્વારા નવા ઉદ્યોગ-ધંધાને પ્રોત્સાહન પૂરું પાડે છે.

ડિગ્રીધારી જે ટીમમાં પોતે કાબેલ છે તે જ ક્ષેત્રમાં આગળ આવે એવું ઘણીવાર નથી થતું. ક્યારેક કં દ્વારા બીજા ફિલ્ડમાં તેને લઈ જવાય છે. આમ મેનેજમેન્ટમાં એક્સ્પર્ટ વ્યક્તિ માર્કેટીંગ ડીપાર્ટમેન્ટમાં જોડાયેલો હોય છે તો ફાઈનાન્સમાં ક્વોલીફેશન થયેલ સ્કોલર એચ.આર.વિભાગમાં કાર્યરત રહે છે. સારી કંઓ સ્કોલર, મહેનતુ અને વફાદારીપૂર્વક કામ કરનારની તલાશમાં રહે છે. તો તાજેતરમાં ડિગ્રી લઈ બહાર પડેલ સ્કોલર કોઈ કંમાં અનમેચ થઈ સર્વીસ કરતો બીજી કંમાં જોઈન્ટ થવાની તક શોધતો હોય છે.

આવી પરિસ્થિતિમાં પૂરકબળ બનવા સમસ્ત મહાજનશ્રીની યુવા સમિતિ ઐતિહાસિક પગલું લઈ જોબ ફેર યોજવાનું નક્કી કરેલ છે. તા.૧લી સપ્ટેમ્બર શનિવારે મુલુંડમાં યોજાનારા કે.ડી.ઓ. જોબ ફેરમાં પ્રતિષ્ઠિત અને વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર કં આમાં ભાગ લેશે. આ ઉપરાંત વિવિધ વ્યવસાયમાં રહેલ પ્રાઈવેટ ફર્મ કે જેમને ક્વોલીફેશન પ્રતિભાઓની જરૂરત છે તેઓ તથા જ્ઞાતિના પ્રતિભાશાળી શિક્ષિત યુવક યુવતીઓ, વિવિધ ડિગ્રી મેળવેલ સ્કોલરો, પણ પોતાના નામ નોંધાવવા નીચે આપેલ સભ્યોનો સંપર્ક કરો.

**Commiittee for JOB Fair**

Tejas Khona - 8097466424
Daisy Lodaya - 9820278488
Geera Maisheri - 8655465524
Labdhi Lodaya - 8291929343
Mittal Dharamsey (Masjid) - 9773008712

**Advisor**

Manikant Dhulla - 9820141919
Jayant Chedda - 9322257731

**Commiittee for YUVA or KDOVP APP**

Nirav Motta (Mumbai) - 7666346732
Ashwin Lodaya (Mumbai) - 7777006072
Nimish Dhulla (Baroda) -
Kush Nagda (Mumbai) - 9820221517
Devang Nagda (Mumbai) - 9968117558
Mittal Dharamsey (Masjid) - 9773008712
Ekta Lodaya (Mulund) - 9769981860


SHREE KDO
SAMAST MAHAJAN
YUVA
YOUTH UNITED FOR VISION AND ACTION
50+
COMPANIES
NATIONAL
JOB FAIR
2018
1st SEPTEMBER 2018, MUMBAI
Yuva an individual body of Shree Samast KDO Jain Mahajan has organized first ever National level job fair tied up with KDO and Non-KDO Companies.
For Registration Contact:
7303093827 | 9769981860 | 9833474744
yuva@kdosamastmahajan.org
KDO Samast Mahajan Yuva
@kdoyuva
www.kdosamastamahajan.org

# નવી મુંબઈ ખાતેના આદિનાથ જિનાલયનું પ્રથમ ધ્વજા મહોત્સવ સંપન્ન





નવી મુંબઇ સાનપાડા માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ, લાખણીઆ પરિવાર હસ્તે ભુપેન્દ્રભાઈ મુરજી દંડ પરિવાર દ્વારા સ્વદ્રવ્યથી ગયા વર્ષની અષાઢી બીજે પ્રતિષ્ઠિત કરેલ આદિનાથ ભગવાનનું જિનાલય જેનો વહીવટ શ્રી અનંતનાથ દેરાસરજી અને તેના સાધારણ ફંડસને સોંપેલ જેની પ્રથમ ધ્વજા મહોત્સવ ૧૪.૭.૨૦૧૮ ને શનિવારે સવારે ૮.30 કલાકે અઢાર અભિષેક તેમજ સત્તરભેદી પૂજા પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.ની નિ શ્રામાં,ચિરાગ સંગોઈના સાથીદારોના સથવારે વિધિ વિધાન સાથે બપોરે ૧૨.૩૯ કલાકે  માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ પરિવાર દ્વારા જ્ઞાતિજનોની હાજરીમાં લહેરાવવામાં આવી.ધ્વજા બાદ પધારેલ સર્વે જ્ઞાતિજનોએ સાધર્મિક ભક્તિનો લાભ આપેલ.

૧૮ અભિષેકમાં લાભ લેનાર પરિવારો.

૧ માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ ૨ કિરણ મણિલાલ દંડ, ૩ સુશીલા

(અનુસંધાન ૭મે પાને)





# નવી મુંબઈ ખાતેના આદિનાથ જિનાલય.... (૬ઠ્ઠા પાનેથી ચાલુ)

વિસનજી ધરમશી ૪ ધનબાઈ દેવશી ધરમશી ૫ ચંદનબેન લહેરચંદ લાલકા ૬ ધનેશભાઈ મોમાયા ૭ માતુશ્રી લક્ષ્મીબેન નારાણજી ખોના ૮ કલ્પેશ માણેકજી મોતા ૯ મીનલબેન ભરત ખોના ૧૦ દીપક ઉમરશી ગાલા ૧૧ ખુશી તથા પલાશ અમિત ધરમશી ૧૨ અરિહા જુગલ સાવલા ૧૩ કલ્પના દિપક ધરમશી ૧૪ દિવિશા સુમિત ધરમશી ૧૫ રેહા તથા રિશી પુનિત ધરમશી ૧૬ નરેશ શામજી ખોના ૧૭ જિનલ તથા હર્ષિલ મેહુલ ધરમશી ૧૮ માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ.

સૂર્ય દર્શન:શ્રી તિલક્ચંદ કુંવરજી લોડાયા, ચંદ્ર દર્શન:માતુશ્રી સોનબાઇ ઉમરશી ગાલા આરતી : માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ તથા માતુશ્રી કસ્તુરીબેન મૂલજી ખોના, મંગલ દીવો:માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ તથા માતુશ્રી કસ્તુરીબેન મૂલજી ખોના, શાંતિ કળશ:માતુશ્રી સોનબાઇ ઉમરશી ગાલા હસ્તે દીપક ઉમરશી ગાલા પરિવારોએ ચડાવો લઇ લાભ લીધેલ.







# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ દ્વારા શરૂ થઈ વિવિધ પ્રવૃતિઓ

તાજેતરમાં થયેલ સમિતિની બેઠકમાં વિવિધ મુદ્દાઓની વિસ્તૃતપણે ચર્ચા કરાઈ અને તુરંત કાર્ય શરૂ કર્યા હતા. જેમાં મુખ્યત્વે કેડીઓ ડૉક્ટરોની ડીરેક્ટરી બનાવવા માટે બધી માહિતી જમા કરી એક મહિનાની અંદર આ કાર્ય પૂર્ણ કરી અને વહેલામાં વહેલી તકે ડિરેક્ટરી બહાર પાડવી.

● વિવિધ હોસ્પિટલમાં સાથે ટાઈઅપ કરી અને સમાજને મેસેજ પહોંચાડવા જેમાં મુલુંડની હીરા મોંઘી ઉપરાંત નવનીત હોસ્પિટલ સાથે મંત્રણા થઈ ગઈ છે અને તુરંતમાં નવી સ્કીમ જાહેર થશે. કુલીનકાંતભાઈ લુઠીયા માનવજ્યોતના સહકારથી દરેક સેવાઓમાં વહેલામાં વહેલી તકે વેગ મળશે.

● અન્ય એક રજૂઆતમાં વન વીંન્ડો સીસ્ટમ તુરંતમાં લાગુ કરાશે. ● યોગ અને આર્ટ ઓફ લિવિંગ માટે વિવિધ સંગઠન તથા જાણકાર વ્યક્તિઓ સાથે વાતચીત કરી અને સાથે જોડાણ કરી અને તુરંતમાં યોગ વિદ્યા જેવા કોર્સો શરૂ થશે. ● વિવિધ એરીયાના પેથોલોજી લેબ સાથે ટાઈઅપ કરી અને વધુમાં વધુ ડિસ્કાઉન્ટ અપાવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે. ● ઉપરોક્ત કોઈપણ સેવા માટે અગર જ્ઞાતિજનોને જરૂર હોય તો તેઓએ ડૉ.નિલેશ પોલડીયા, ભરત મૈશેરી, ગુલાબ મૈશેરી, મનિશા શાહનો સંપર્ક સાધવો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



## શ્રી રાપર નાની સિંઘોડી જૈન સંઘની ધમાકેદાર ધ્વજા મહોત્સવ ૨૦૧૮

શ્રી રાપર નાની સિંઘોડી આયોજીત ધમાકેદાર ધ્વજા મહોત્સવ ૨૦૧૮ સં. ૨૦૭૪ જેઠ સુદ ૯ તા.૨૧-૬-૨૦૧૮ અને જેઠ સુદ ૧૦ તા.૨૨-૬-૨૦૧૮ના અઢાર અભિષેક તથા ધ્વજારોહણનો લાભ મા. માનબાઈ મુલજી આશમલ મોતા હસ્તે મા. વેજબાઈ ઠાકરશી મોતા પરિવારે લાભ લીધો હતો. નિશ્રા મુની ભગવંત શ્રી મુક્તિરત્ન મ.સા. તથા સાધ્વી શ્રી ચાસ્પજ્ઞાશ્રીજી મ.સા. તથા ત્રણ ઠાણા સાથે ચર્તુવિધ સંઘ તથા મુંબઈ તેમજ દેશ દેશાવરથી પધારેલ મહેમાનો અને ગામવાસીઓ તથા સ્થાનિકોનો ઉમળકો અને ઉત્સાહ ધ્વજા મહોત્સવને ચાર ચાંદ લગાવી દીધા.

વિધીકાર શ્રી કેવલ સાવલા તથા સંગીતકાર સાંગારની જોડીએ પ્રભુ ભક્તિમાં બધાને રસ તરબોળ કર્યા. ગામે ગામથી જૈવા કે સાંયરા, સુથરી, જખૌ, મોટી સિંઘોડી, સાંઘવ, વાંકુ, કોઠારા વગેરે ગામોથી સંઘો અને મહાજનો એ પધારી શોભામાં અભિવૃધ્ધી કરી. ભાવિકોનો ઉત્સાહ અને લાભાર્થી પરિવારના ઊંચા ભાવને કારણે પ્રભુજી શ્રી ગોડિયા પાર્શ્વનાથ તથા શ્રી શાંતિનાથ ભગવાન તથા મુની ભગવંતોના આર્શિવાદ શ્રી સંઘને સળંગ છ (૬) વર્ષ માટે ધ્વજા મહોત્સવના લાભાર્થી મળ્યા.

## વાંકુમાં અજીતનાથ પ્રભુજી પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

અબડાસા તાલુકાના નૂતન પંચતીર્થીના વાંકુગામે નવનિર્મિત ત્રિશિખર સંગેમરમર જિનાલયે અજીતનાથ પ્રભુજીના આદિનો પ્રતિષ્ઠા મહોત્સવ અચલગચ્છાધિપતિ જૈનાચાર્ય ગુણોદયસાગર સૂરિશ્વર મ.સા.આ. કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા.તથા શ્રમણ શ્રમણીવૃંદની હાજરીમાં ઉજવાયો. મહોત્સવના દ્રિતિય દિવસે વાજતે ગાજતે સામૈયું કરાયું હતું. વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.તથા મુન પ્રિયંકર સાગરજી મ.સા.એ પ્રસંગ અનુરૂપ જિનવાણી શ્રવણ કરાવ્યું હતું. રથ યાત્રામાં વાકું જૈન મહાજન પ્રમુખ રમેશભાઈ સોની, દામજીભાઈ સોની, ભવાનજીભાઈ લોડાયા, નરેશ સોની, મહેશ લોડાયા, ચંદુલાલ મૈશેરી, મૂલચંદ મોતા, ચેતન મોતા, પ્રબોઘ મુનવર, રામસંગજી જાડેજા, કિરણ દંડ, લલિત ખોના, હેમંત મોતા, રમેશ સોની તથા અનેક શ્રાવિકાઓ ઉમંગથી જોડાયા હતા.


|| શ્રી અનંતનાથાય નમઃ ||

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

**આવ્યા ચાતુર્માસના વધામણાં, સ્વાગત કરીશું સોહામણાં....**

શ્રી અનંતનાથ દાદાની અસીમ કૃપાએ શ્રી અનંતનાથ તીર્થ દ્વારે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ શ્રી અનંતનાથ ટ્રસ્ટ તેમજ શ્રી મસ્જિદ બંદર સંઘના પરમ ભાગ્યોદયે ચાતુર્માસ પ્રવેશના અતિ આનંદકારી પ્રસંગે **રવિવાર તા. ૨૨-૦૭-૨૦૧૮**ની સલુણી પ્રભાતે સાજન-માજન, ગુરૂભક્તો સહ સર્વે જ્ઞાતિજનો વહેલાસર પધારશો. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની **પ.પૂ. સાધ્વીશ્રી અરૂણાપ્રભાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા.** આદિ ઠાણા ૪ વાજતેગાજતે ચાતુર્માસર્થે પધારશે.

પૂજ્યશ્રીઓનું સામૈયું શ્રી ક.વી.ઓ. જૈન મહાજનવાડી, ચીંચ બંદર થી વાજતે ગાજતે સવારના ૮.૦૦ કલાકે થશે. **(નવકારશી સવારના ૭.૩૦ થી ૮.૦૦ ચીંચ બંદર).**

પ્રવેશ બાદ માંગલિક, સુત્ર-ચરિત્ર, પાંચ જ્ઞાનના તથા ગુરૂપૂજનના ચડાવા લેવામાં આવશે. ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે આયંબિલ તપ કરાવવામાં આવશે, વધુ સંખ્યામાં જોડાવા વિનંતી.

સર્વે જ્ઞાતિ જનો, ગુરૂ ભક્તો, પૂજ્યશ્રીના સગા-સંબંધિઓ સવારના ૭.૩૦ કલાકે શ્રી ક.વી.ઓ. મહાજનવાડી ચીંચ બંદર નવકારશીનો લાભ આપી પ્રવેશમાં સામેલ થશોજી.

લિ. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જીદ બંદર જૈન સંઘ, મુંબઈ**

# સમસ્ત મહાજન તેમજ ચતુર્થ સમ્મેલનના પદાધિકારીઓનું મહારાષ્ટ્રના વિવિધ ગામોમાં ભવ્ય સ્વાગત




સોમવાર તા.૯ જુલાઈ થી ૧૧ જુલાઈ ૨૦૧૮ના રોજ સમસ્ત મહાજનની ટીમ મહારાષ્ટ્રના વિવિધ ગામોની મુલાકાતે પહોંચી હતી. જ્ઞાતિ પરંપરા પ્રમાણે સમ્મેલન પૂર્વની મિટીંગનો મહારાષ્ટ્રનો ડોર વિઝીટમાં નાસિક, પુના, ઔરંગાબાદ, નાંદેડની મુલાકાત લીધી હતી. નાસિકમાં આપણી જ્ઞાતિના એકંદરે ૪૦ કુટુંબોનું વસવાટ છે આ મિટીંગમાં ૬૦ નાસિકવાસીઓએ ભાગ લીધો હતો અને તેમણે પોતાની સમસ્યાઓ અને વિવિધ સૂચનો સમસ્ત મહાજનની કોર સમિતિ સમક્ષ જણાવ્યા હતા.











# સમસ્ત મહાજન તેમજ ચતુર્થ સમ્મેલનના પદાધિકારીઓનું પુના, નાંદેડ, ઔરંગાબાદમાં ભવ્ય સ્વાગત



તા.૯ જુલાઈના સાંજે પુના મુકામે પહોંચી હતી અને ત્યાંના જ્ઞાતિજનોને મળીને તેમની પણ સમસ્યાઓ સાંભળી હતી અને પુના મહાજનએ પણ ચતુર્થ સંમેલનને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો. ત્યારબાદ તા.૧૦ જુલાઈના સવારના ઔરંગાબાદ અને સાંજે નાંદેડ મુકામે પણ મુલાકાત લીધી હતી અને ત્યાંના જ્ઞાતિજનોએ પણ ચતુર્થ સંમેલનને પૂર્ણ ટેકો જાહેર કર્યો હતો.

આ સંપૂર્ણ દોરની તસ્વીરી ઝલક આપ જોઈ શકો છો.









# ભાંડુપ ખાતે શ્રી ક.દ.ઓ. સમસ્ત મહાજન તેમજ મુંબઈ મહાજનશ્રીની ચતુર્થ સંમેલન અંગે સભા યોજાઈ



મંતસ્થ અધિકારીઓ



મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય



સભા પ્રારંભ કરતા મહાજન સેક્રેટરી રમેશ લોડાયા



જનરલ સેક્રેટરી નિશીથ દંડ દ્વારા સંબોધન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની વિનંતી અનુસાર તા. ૦૭-૦૭-૨૦૧૮ ને શનિવારના સાંજે ૬:૩૦ કલાકે શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, ભાંડુપ ખાતે આયોજાયેલ સભા સુંદર રીતે સંપન્ન થઈ.

સભાની શરૂઆત શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતાની અધ્યક્ષતામાં સર્વ પ્રથમ મહાજન શ્રીના પદાધિકારી, સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈ આણંદ દંડ, ઉપપ્રમુખ કિર્તીભાઈ ધરમશી, સંમેલન આયોજક નલિયા મહાજન પ્રમુખશ્રી મુલચંદભાઈ પદમશી મોતા, તૃતીય સંમેલનના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ મણીલાલ ખોના, વડીલ શ્રેષ્ઠી શેઠશ્રી હંસકુમારભાઈ દ્વારા શેઠશ્રી નરશી નાથાની છબીને દીપ પ્રાગટ્ય કરી સર્વે સભ્યો દ્વારા નવકાર મંત્રના પઠન તેમજ શ્રી આદિનાથ દાદા તથા શ્રી અનંતનાથ દાદાની જય ઘોષણા કરવામાં આવેલ.

(અનુસંધાન ૧૩મે પાને)

## ભાંડુપ ખાતે શ્રી ક.દ.ઓ. સમસ્ત મહાજન તેમજ મુંબઈ મહાજનશ્રી... (૧૨મા પાનેથી ચાલુ)

માનદમંત્રી શ્રી રમેશ હીરજી લોડાયાએ પ્રારંભમાં જણાવેલ ''હોય મેઘરાજની મહેર, પ્રભુ આપનો હોય એક સાથ તો અમે સૌ છીએ સાથ સાથ. તારીખ છે સાત સભા શરૂ સમય છે. સાત આમ જ છે. હશે આપનો સાથ, થશે સંમેલન સફળ.''



રાજેન્દ્રભાઈ દ્વારા આચ્છી રૂપરેખા

પ્રભુ કા સાથ સબકા વિકાસ સમાજ (જ્ઞાતિ) કા વિકાસ.

પ્રમુખશ્રી કલ્પેશભાઈએ સભામાં ઉપસ્થિત જ્ઞાતિજનો આવકાર આપતાં સમસ્ત મહાજનનાં સેક્રેટરી જનરલને સંમેલનની પૂર્વ તૈયારીની ચર્ચા વિચારણા માટે જણાયેલ.

શ્રી નિશીથભાઈ દંડ સંમેલનની તૈયારી વિશે, વિવિધ સમિતિઓ ૧) જિનાલયોના જીર્ણોધ્ધાર તથા નૂતનીકરણ, ૨) કાયદાકીય સલાહકાર, ૩) જ્ઞાતિજનો તથા મહાજનો ના રજીસ્ટ્રેશન કરનાર, ૪) વૈદ્યકીય સલાહકાર, ૫) સરકારી તેમજ ખાજગી સંસ્થાઓમાં શિક્ષણ સહાયક, ૬) બંધારણ સરલીકરણ, ૭) વ્યાપાર કોર્ડીનેટર, ૮) યુવા શક્તિ સંગઠન, ૯) નારી સશક્તિકરણ, ૧૦) પ્રચાર અને પ્રસારણ વિશે જાણકારી તથા કાર્ય શરૂ થઈ ગયાનું જણાવેલ તથા તેમણે શ્રી રાજેન્દ્રભાઈ ખોનાને પૂર્વ આયોજાયેલ સંમેલન વિશે ટુંકમાં જાણકારી આપવાનું જણાવ્યું.

શ્રી રાજેન્દ્રભાઈ ખોનાએ સવિસ્તાર સંમેલન તેમજ જ્ઞાતિ મેળાવડા અંગે માહિતી આપી હતી.

પ્રથમ જ્ઞાતિ મેળાવડો શેઠશ્રી નરશી નાથાએ નલિયામાં આયોજેલ, શેઠ શ્રી કેશવજી નાયકે પણ જ્ઞાતિ મેળાવડો કરેલ ત્યારબાદ ૧૯૪૭માં શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજીના અધ્યક્ષ પદે પ્રથમ સંમેલન, ૧૯૭૯માં ભરત ખીમજીના અધ્યક્ષ પદે દ્વિતીય સંમેલન હુબલી ખાતે થયેલ તેમની ફળશ્રુતિ શ્રી અરિહંત બેંકની સ્થાપના. તેમજ તૃતીય સંમેલન ૧૯૯૧માં ઘાટકોપર સોમૈયા ગ્રાઉન્ડ ખાતે મુંબઈ મહાજનના યજમાન પદે પ્રમુખ સ્થાને પોતે રાજેન્દ્ર ખોના હતા. ફળશ્રુતિ યુવા સંગઠન તથા શ્રી સમસ્ત મહાજન અસ્તિત્વમાં આવ્યું હતું. ચતુર્થ સંમેલનના આયોજક શ્રી નલિયા મહાજનના પ્રમુખશ્રી મુલચંદભાઈ પદમશી મોતાએ ત્રણ દિવસની રૂપરેખા સમજાવેલ. યુવાનો માટે તેમજ નારી શક્તિ માટે અલગથી મંડપ(ડોમ) ઉભો કરવામાં આવશે.



સભામાં ઉપસ્થિત જ્ઞાતિજનો



બંધારણીના રૂએ પ્રતિનિધિઓ રહેવાની વ્યવસ્થા આજુબાજુના ગામના અતિથિગૃહોમાં રહેશે. તા. ૨૨-૧૨-૧૮ ના ગાંધીધામ કે ભુજ પધારનાર સર્વેની વ્યવસ્થા નલિયા કે રહેઠાણ મુકામે વાહનની વ્યવસ્થા નલિયા મહાજન દ્વારા કરવામાં આવશે.

ભરતભાઈ જીવાણીએ મહાસમિતિના સભ્યોની શી જવાબદારી રહેશે? સવાલ પૂછેલ જેનો શ્રી નિશીથભાઈએ સભ્યોને વિવિધ સમિતિઓમાં આમેજ કરવાનું જણાવેલ. સંજયભાઈ અજાણીએ ૧૯૯૧ના સંમેલનમાં પુનરાવર્તન ટાળી શકાય. સભાનું આયોજન સરળતાપૂર્વક સંપન્ન થયેલ, અન્ય ચર્ચા બાકી ન રહેતા શ્રી અનંતનાથ દાદાની જય બોલાવી સભા પૂર્ણ થવાની જાહેર કરવામાં આવેલ.

# શ્રી ભલારાદાદા ટ્રસ્ટવતી ભાંડુપ મુકામે ભલારાદાદાની ભાવના સંપન્ન









શ્રી ભલારાદાદા ટ્રસ્ટ તરફથી કચ્છી નવા વરસે ભલારાદાદાની ભાવના શ્રી અનંત મિત્ર મંડળ દ્વારા ભારે ભાવથી ભીતર-ભીનું કરી દીધું. ફાલ્ગુન ખોના, વિનય લોડાયા અને હરીશ ડાઘાએ હર ગીતે લાલપરની યાત્રા કરાવી. મુલુંડથી પણ ભક્તજનો, લાલપુરના પુનમીયા શ્રધ્ધાળુ ભક્તો સાથે ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જયંત છેડા પધાર્યા હતા. શ્રી જયંત છેડાએ ટ્રસ્ટની વિગતો આપતા કહ્યું છે કે ટ્રસ્ટે અતિ આધુનિક ફાઈવ સ્ટાર્સ જેવું અતિથિ ગૃહ બાંધ્યું છે તેનો લાભ લેવા અનુરોધ કર્યો. દાદાનો પ્રચાર, પસાર અને પ્રભાવના વધુ થાય તે માટે હર મહિને અનંત મિત્ર મંડળનો સાથ સહકાર અલગ અલગ જગ્યાએ ભક્તો ઈચ્છશે ત્યાં ભાવના ભજવવામાં આવશે. જેને પણ પોતાના ઘરે ભલારા દાદાનો પાઠ અને ભક્તિ કરવાની ઈચ્છા હોય તેની જાણ જો ટ્રસ્ટને કરવામાં આવશે તો તેની યોગ્ય વ્યવસ્થા શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપના સહયોગથી કરી આપવામાં આવશે. ટ્રસ્ટે શ્રી અનંત મિત્ર મંડળનો વિશેષ આભાર માની અને મંડળના પ્રતિનિધિ વિનય લોડાયાનું શાલ, શ્રીફળ અને માળાથી સન્માન કર્યું હતું.

દાદા ભલારા આંજી આરતીના રચયિતા શ્રી લહેરચંદ મૈશેરી દ્વારા આરતી ઉતારવાનો વિશેષ લાભ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે પાંચ જણાને લાલપુરમાં ચૈત્રી મેળાએ આવવા-જવાની ટિકીટ આપવાની બાહેધરી આપવામાં આવી હતી. ભલારા દાદાના સ્વ. ભુવાશ્રી દિનેશભાઈ વશનજી દંડને ભાવપૂર્વક યાદ કરાયા હતા. (અનુસંધાન ૧૫મે પાને)



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટવતી ભાંડુપ મુકામે ભલારાદાદા... (૧૪મા પાનેથી ચાલુ)



જયંતભાઈએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ભલારા દાદાની અસીમ કૃપા સર્વ જ્ઞાતિજનો પણ વરસે એ ભાવનાથી દર મહિનાના પહેલા શનિવારે વિવિધ જગ્યાએ આજ રીતની ભક્તિ ભાવના થશે આગામી શ્રાવણ માસની ભાવના ૧૨ ઓગસ્ટ ૨૦૧૮ના મુલુંડ મુકામે થશે. માગસર મહિનાની ભાવના ઘાટકોપરમાં થશે અને જે પણ વિવિધ ગામવાસીઓની ઈચ્છા હોય તેમણે ટ્રસ્ટની ઓફિસે સંપર્ક સાધવો.

ત્યારબાદ પ્રસાદની પ્રભાવના લઈ ફરી ભાવનાએ ભેગા થવા કોલ આપી સૌ છુટા પડ્યા હતા.





**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# Government of India will soon start distributing three types of scholarship to jain students

We will help you to submit your form online on following Website **Https://www.scholarships.gov.in/** free of cost as a social cause. We will guide you too.

**There are three types of scholarship given by central government of India**

1. Pre-matric scholarship

(Standard 1 to 10) ( Approx scholarship anount is in range of rs.1000 to 7000) Parents Income Limit : 1,00,000

2. Post matric scholarship (11th standard and above) (scholarship Approx 10,000)

Parents Income from all source must be less than rs.2,00,000

3. Merit cum means scholarship

(for Engineering, C.A. and Other Professional courses) (Approx 30,000)

Parents Income Limit : 2,50,000

### શિક્ષણ સમિતિની આગળની કાર્ય યોજના

આપણા કેડીઓ જ્ઞાતિજનોના બાળકો જૈન માઈનોરેટીના અંતર્ગત સ્કોલરશીપ યોજના હેઠળ લાભ લઈ શકે તે માટે વિગત નીચે મુજબ છે. આ માટેના વિશેષ વિગત માહિતી માટે અક્ષયભાઈ વિકમશી (ખામગામ) - ૦૯૬૨૩૦૦૧૦૦૨ અથવા ૦૭૮૭૫૮૮૯૮૯૮નો સંપર્ક કરવો.

**You have to email us the following documents**

1. Marksheet for the previous class passed ; (More than 50% marks must be scored)
2. Fees receipt of Current Year 2018
3. Bank account Passbook having i.f.s. code in name of the student
4. Aadhar card of the student
5. Residential proof Certificate like Electricity Bill and ration card)
6. Marksheet of 10th standard
7. Marksheet of 12 th standard
8. Domicile certificate
9. Income certificate given by competent authority
10. Mobile number of parent / student (each student require different mobile number. (This mobile number should be a permanent number for coming atleast 20 years)
11. Email address of the student / parent. (each student require different email address) (This email afdress should be a permanent email-id for coming atleast 20 years)

Those who want to submit their form can email us all above documents on akshay.vikamshi@gmail.com

Timing : for assistance you can call on 9623001002/ 7875889898 Sunday morning 10 am to 8 pm

**- Akshay Anilbhai vikamshi**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**


VEENA NAGDA BOLLYWOOD
MEHENDI ACADEMY
CERTIFICATE COURSE
40 Years
Experience
in Mehendi
All Types of Mehendi &
Personality Development
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western Etc.
Women's Day
Special Discount
Malad (W):
Nr. Rly. Station.
Time: 11 to 3pm.
Call: 9920641717
Masjid Bunder (W):
Nr. Rly. Station.
Time: 11am to 3pm.
Call: 9820431717
Out of Mumbai,
Inquiries also Available.
Special
Discount For
S.S.C.
Email: veenanagda17@gmail.com
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# ભાંડુપમાં ચાતુર્માસ પ્રવેશ



અષાઢી બીજ શનિવાર તા.૧૪-૭-૨૦૧૮ના સ્ટેશન રોડથી પ.પૂ. સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા., સા.શ્રી તારકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા પાંચનો ઢોલ શરણાઈ. બેડાં ગહુલીઓ શ્રાવક પરિધાન જૈન બેલ્ટ વગેરેથી ભીતરના ભીનાશે, અક્ષતના વધામણે સામૈયુ થયું. પૂ.ગુરૂદેવને શુભેચ્છા આપવા સંઘો સ્નેહીઓ અને સ્વજનો પધાર્યા હતા. આદિનાથ જિનાલયે દાદાને જુહારી સૌ ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ પરમ પ્રભુ જિનાલયે પધાર્યા. ગુરૂ વંદના માંગલીક આદિ પછી સુત્ર-ચરિત્ર અને જ્ઞાન-પૂજામાં ચડતે પરિણામે સવાયા લાભ લેવાયા. પ.પૂ.સા.શ્રી ભાવગુણાશ્રીજી મ.સા. પધારી પ્રસંગોચીત ઉદ્બોધન કર્યું. સિંહ ગર્જના સ્વામી સુશીલગુણાશ્રીજી મ.સા. સૌને આવકારી ચા.મા. મંગલ પ્રવેશનું મહત્વ સમજાવી. હવે ધર્મકાર્યે લાગી જવા સંદેશ આપેલ. શ્રી

(અનુસંધાન ૧૯મે પાને)







# ભાંડુપમાં ચાતુર્માસ પ્રવેશ... (૧૮મા પાનેથી ચાલુ)



ક.દ.ઓ. જૈન સંઘ ભાંડૂપ તરફથી શ્રી લહેરચંદભાઈ મૈશેરીએ નવા વરસની શુભેચ્છા આપી શેર શાયરીએ તાળીઓ પડાવી. લગભગ ૪૦૦ થી વધુ ભક્તોએ સ્વામી ભક્તિનો લાભ આપ્યો શ્રી સંઘના ઘણા સભ્યો જોડાયા.










# નલિયા નગરે પૂ.મહારાજ સાહેબનો ચાતુર્માસ પ્રવેશ









અષાઢ સુદ બીજ તા.૧૪-૭-૨૦૧૮ રવિવાર રોજ નલિયા નગરે સવારે ૭.૩૦ કલાકે પ.પૂ.જયકીર્તિશ્રીજી મહારાજ સાહેબનો ઉત્સાહભેર સામૈયું કરવામાં આવ્યું હતું. આ પ્રવેશ દરમ્યાન મુંબઈ અને દેશ દેશાવરથી ૩૦૦ જેટલા શ્રાવકો પધાર્યા હતા. મહારાજશ્રીના સામૈયા દરમ્યાન શ્રી સંઘ તરફથી સંઘ પૂજન કરવામાં આવ્યું હતું. સવારની નવકારશી નાગડા ગૌત્ર પરિવાર તરફથી તેમજ નલિયા મહાજન દ્વારા વિશેષ પ્રભાવના કરવામાં આવી હતી.









# Shree KDO Students Association

K.D.O. STUDENTS ASSOCIATION Estd. 1954

64 Shree KDO Students Association

*Organise's*

# "INTEGRATED SEMINAR"

## CRAFTING YOUR PERSONAL BRAND

Creating an identity
that's uniquely your own.

Speaker for the Event

**Mrs. Kirtida Mekani (Singapore)**

## Special Attraction

- Opportunity For **Placements** Will Be Provided
- **Live Interview** Demo
- Boosting of **Self-confidence**

*Please bring your Resume in the Event.*

*22nd JULY 2018, Sunday 1:45 PM Onwards*

Friend's Academy, 8th Floor, L.B.S. Road, Opp. Duncan Company Bus Stop & Dominos, Near Sagar Garden, Mulund (West), Mumbai.

**FOR REGISTRATION & FURTHER DETAILS:**

**LABDHI : 08291929343**

**MEET : 09967380347**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છી કલ્પવૃક્ષ ખારેકનું આ સિઝનમાં ૧૮ હજાર હેક્ટર એટલે કે ૪૫ હજાર એકર વિસ્તારમાં વાવેતર થયું છે જેમાં પોણા બે લાખ મેટ્રિક ટનનો ઉતારો ઉતરશે અને ૩૫૦ કરોડનો વેપાર કારોબાર થશે.

● શેઠ એલ.એન.ડી.એલ. એડ (પીટીસી) કોલેજની તાલીમાર્થિની રિદ્ધિ જયેશભાઈ કટારમલ ૯૨.૧૭ ટકા સાથે રાજ્યમાં પ્રથમ ક્રમાંકે ઉર્તીણ થઈ છે.

● દુધઈ ગામે સરકારી માધ્યમિક શાળા અને પ્રાથમિક શાળાના પ્રવેશોત્સવ પ્રસંગે ૧૨ લાખના વિકાસનાં વિવિધ કાર્યક્રમોના ખાત મુર્હૂત લોકાપર્ણ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરના હસ્તે કરાયા.

● માંડવી તાલુકાના મોટી ઉનડોઠ ખાતે ભીડ ભંજન મહાદેવનો પ્રતિષ્ઠા મહોત્સવ આશાપુરા પીઠ રતડિયાના મહંત ગિરજાદત ગિરિજી મહારાજની ઉપસ્થિતમાં ઉજવાયો.

● મુંદરા અચલ ગચ્છ જૈન સંઘ સંચાલિત ૪૦૦ વર્ષ પ્રાચીન જિનાલયે શીતલનાથ ભગવાન તથા આજ ભગવાનની પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ આસ્થાભેર ઉજવવામાં આવ્યો હતો.

● અબડાસા તાલુકાની સૌથી મોટી ગૌશાળા સંત વાલરામજી મહારાજ પાંજરાપોળના આધુનીકી કરણનો પ્રારંભ. ગૌમૂત્ર એકત્રિત કરી આયુર્વેદિક દવાઓમાં વપરાશે. વિવિધ દાતાઓએ પાંજરાપોળને નવલાખનું દાન આપ્યું.

● ભુજમાં રઘુવંશી સોશ્યલ ગ્રુપ દ્વારા બોક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટ શેઠિયા કપ – ૨૦૧૮ યોજાઈ. જેમાં યુવાનો બાળકો અને મહિલાઓની ૯૪ ટીમમાં ૬૦૦ ખેલાડીઓએ ભાગ લીધો.

● નાના આસંબિયામાં કેન્સરના વહેલા નિદાન અને સારવાર માટે શિબિર યોજાઈ. જન કલ્યાણ મેડિકલ સોસાયટી માંડવી સંચાલિત નવનીત કેન્સર રિસર્ચ હૉસ્પિટલ અને ડાયાબિસિસ સેન્ટર દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં શિબિર યોજાઈ હતી.

● અખિલ ભારત યોગ વિદ્યા એવમ પ્રાકૃતિક જીવન સંઘ દ્વારા ભુજ પાસેના હરિપરમાં યોગ અને નેચરોપથ ીનો તાલીમ કેમ્પ યોજાયો. જેમાં ગુજરાત તેમજ મહારાષ્ટ્ર રાજ્યના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

● મોટું જંગલ તેમજ સીમાડાઓ ધરાવતા પશ્ચિમ કચ્છના નખત્રાણા, અબડાસા તેમજ લખપતના અંતરિયાળ વિસ્તારના જંગલોમાં મોટા પાયે ખાનગી કંપનીઓમાં પવનચક્કીઓ આવવાને કારણે જંગલ–ઝાડીઓનો સોથ નીકળી રહ્યો છે અને જંગલોમાં વસતા વન્ય પ્રાણીઓને ખલેલ પહોંચતા મુશ્કેલીમાં મૂકાયા છે. એવો અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રધુમન જાડેજાએ મત વ્યક્ત કર્યો છે.

● માધાપરના જૈન શ્વેતાંમ્બર તેરાપંથી સભા દ્વારા કોઈપણ નાત જાતના ભેદ ભાવ વિના ૩૦૦૦ નંગ ફૂલસ્કેપ જંબો નોટબુકનું વિતરણ રાહત દરે કરાયું.

● છ કોટી જૈન સંઘના જૈન ભવન ખાતે બિરાજતા લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય ભાવચંદ્ર સ્વામીના આજ્ઞાનુવર્તી મ.સા. રશ્મિતાકુમારીજી, કીર્તિપ્રભાજી ઠાણા–૯ની નિશ્રામાં અજરામર જૈન પાઠશાળાની પરીક્ષાઓમાં રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામો દ્વારા પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ યોજાયો.

● કુરપાળ પુનશી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત બી.એમ.વિદ્યાલય અને વશનજી ધનજી કુરિયા ઉચ્ચ માધ્યમિક શાળા ખાતે ગામના સ્વ. વિશનજી કુરિયા અને સ્વ. ઈન્દ્રમતી વિશનજી કુરિયાની ચતુર્થ પુણ્યતિથિ નિમિતે ના કાર્યક્રમમાં મોટા લાયજા ગામે જૈન મહાજનના ઉદાર સખાવત થકી આઝાદી કાળ અગાઉથી શિક્ષણની જ્યોત જલતી રખાઈ છે તથા શ્રેષ્ઠીઓએ વખતો વખત શિક્ષણના વ્યાપ અને માળખાકીય સુવિધા અર્થે સતત ચિંતા સેવી છે એવું જણાવાયું હતું.

# શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ-અમદાવાદ

શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ-અમદાવાદનું નવા વરસનું પહેલું પ્રોગ્રામનું આયોજનના ૪ જુલાઈના કરાયું. અંવતી દંડ એ ખુબજ સરસ વેસ્ટ આઉટ ઓફ બેસ્ટનું ડેમો બતાવેલ, જે વસ્તુ ઘરમાં હોય તેમાંથી કંઈક નવું બનાવી શકીએ એવી ઘણી ટિપ્સ પણ આપેલ. મહિલા મંચ એમનો આભાર માનેલ ગ્રીન ડે થીમ રાખેલ જેમાં લકી ડ્રો રાખવામાં આવેલ તેના ઈનામ દમયંતીબેન દંડ તરફથી હતા. નિહારીકા છેડા તથા સેજલ નાગડા વિજેતા થયેલ. પાંચ વન મિનિટ ગેમ્સ રાખેલ. મીરા ધમરશીએ ગેમ્સ રમાડેલ એના ઈનામ માલાબેન ધરમશી તરફથી હતા. એમાં દીપા લોડાયા, અનિતાબેન દંડ, સેજલ નાગડા, ભુમિકા છેડા તથા રાજેશ્વરીબેન ખોના વિજેતા થયેલ. રશ્મિ ખોન ાએ મદદ કરેલ. લક્ષ્મીબેન ખત્રી તરફથી મિઠાઈ રાખવામાં આવેલ તથા અલ્પહાર મહિલા મંચ તરફથી રાખેલ. ખુબજ સારી સંખ્યામાં બેનો એ હાજરી આપેલ મહિલા મંચ દાતા પરિવારનું આભાર માને છે.

આગામી પ્રોગ્રામ ૧૪ ઓગસ્ટના રોજ રાખેલ છે.

## કચ્છ એક્કમ આયોજિત સગપણ સંમેલન

કચ્છ એક્કમ દ્વારા આપણી જ્ઞાતિના પરિચય મિલનનું આયોજન ગાંધીધામ મધ્યે કરવામાં આવેલ છે. જેમાં જોડાવવા સમસ્ત ભારતના ક.દ.ઓ. યુવક/યુવતીઓ (વિધવા વિધુર પણ સામેલ થઈ શકશે) ને આમંત્રિત કરીએ છીએ.

**પરિચય મિલન**
**તા. ૩૦/૦૯/૨૦૧૮ રવિવાર**
**ફોર્મ ભરવાની છેલ્લી**
**તા. ૧૬/૦૮/૨૦૧૮**

-: માહિતી માટે સંપર્ક :-

મહેશ લાલકા - ૯૮૨૫૨૮૭૫૫૫
લહેરચંદ ખોના - ૯૮૨૫૧૩૮૧૦૩
મિતેશ ધરમશી - ૯૮૨૫૨૨૬૫૫૭
email id : kutchekkam@gmail.com

## શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ
## શ્રી સમસ્ત અચલગચ્છ જૈન સમાજ

### મુલુંડ નગરે દાદા વાસુપૂજ્ય દરબારે ભવ્યાતિભવ્ય ચાર્તુમાસ પ્રવેશ...

**યાદ રાખજો...**
**અષાઢ સુદ સાતમ, બુધવાર, તા. ૧૮-૭-૧૮ ના**
**પ.પૂ. સાધ્વી આર્યરક્ષિતાશ્રીજી મ.સા.ના**
**પ્રવેશમાં મુલુંડ પધારજો સપરિવાર**

શ્રી વાસુપૂજ્યદાદાની અસીમ કરૂણાથી
ગુરૂ-ગુણ-સિંધુ-સૂરિની અવિરત વરસતી કૃપાથી,
તપચક્ર-ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી
**ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. ના અખંડ આજ્ઞા આશીર્વાદથી
પ.પૂ.આ.ભ.શ્રી કલા-કવિ-વીર-મહોદયસૂરિના અંતર આશિષોથી
પ્રવર્તિની મહત્તરા, શ્રમણી મુખ્યા પૂ. શ્રી **વસંતપ્રભાશ્રીજી** મ.સા.ના સુશિષ્યા
સરલસ્વભાવિની પૂ. ગુરૂવર્યાશ્રી **આર્યરક્ષિતાશ્રીજી** મ.સા. એવમ્
B.A., M.A., World First in cow, M. Phill., PH.D.
ગૌવિજ્ઞાની, જીવન-સ્પર્શી પ્રવચનકારિકા
પૂ. ગુરૂવર્યાશ્રી **દેવરક્ષિતાશ્રીજી** મ.સા.
વૈયાવચ્ચપ્રેમી પૂ.સા.શ્રી **ચૈતન્યરક્ષિતાશ્રીજી** મ.સા.
અધ્યયનપ્રેમી પૂ.સા.શ્રી. **વ્રતરક્ષિતાશ્રીજી** મ.સા. આદિ ઠાણા ૪ નું
જાજરમાન ચાર્તુમાસ અમને પ્રાપ્ત થયું છે.

**પૂજ્યશ્રીનો ચાર્તુમાસ પ્રવેશ યાત્રા**
રંગે-ચંગે વાજતે-ગાજતે
**અષાઢ સુદ સાતમ, બુધવાર, તા. ૧૮-૭-૨૦૧૮**
સવારે ૭ થી ૮ વર્ધમાનનગરના જિનાલયના પ્રાગણમાં નવકારશી કરી,
શાર્પ ૮.૦૦ કલાકે પ્રારંભ થશે
મુલુંડ વેસ્ટ વર્ધમાન નગરથી દાદા વાસુપૂજ્ય દરબારે

**તો સકલશ્રી સંઘો, મહાજનો, ગુરૂભકતો, સ્વજનો, સ્નેહીજનો, પૂજ્યશ્રીના ગામજનોને પધારવા પ્રેમલ નિમંત્રણ છે.**

### પ્રવચનનો વિષય છે
### 'મહિમા ચાતુર્માસનો સાડાચાર અક્ષરનો '

*Please Don't Miss it !*

આમંત્રણ છે ઉરના ઉમંગે, પધારજો સૌ સાજન-મહાજન સંગે,
પૂ. ગુરૂવર્યાશ્રીનું પ્રવેશ કરાવશું, શાસનગચ્છ પ્રભાવક રંગે ચંગે

પૂજ્યોશ્રી ના ચાર્તુમાસના પ્રવેશનો લાભ
**શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘના ગુરૂભક્ત પરિવાર**
C/o સી/૪૦૩, વર્ધમાન નગર, ડો. આર.પી.રોડ, મુલુંડ (વે)
**લિ. મંત્રીઓ**


VIPUL ESTATE AGENCY
MAHA RERA Reg : A51800011694
Dealing in :
All kinds of
• Residential
• Commercial
• Properties
• Shops
(Sale, Purchase, Rent, Pre-Lease)
• Mulund • Bhandup •Thane
& All Over Mumbai
Email : vipularmada@gmail,com
Vipul L. Poladia
9833060660,
9869167172,
8369170575
Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479


SALE
12th to 22nd July 2018, 11 am to 7pm
♦ Gharcholas
♦ Bandhanis
♦ Borders
♦ Ghagracholis
♦ Real zari sarees & borders
♦ Unstitched blouses
♦ Parsi garas and much more
Jyoti Silk Saree Emporium
28, Gani Mansion, Shop No.1, Ground Floor, Behind Arora Cinema,
King Circle, Matunga (CR), Mumbai-19. Tel. No. 2404 3995
www.facebook.com/jyotisse
@jyotisaree
Sunday Open During Sale!


Diamond manufacturers,
exporter's & importer's
Exclusive designer jewellery
Dealing with EF VVS quality
Own manufacturing unit in mumbai & chennai
SHUBH
DIAMONDS
RAJENDRA MOMAYA
9884149494
#128,Cathedral road, # 6, 5th floor,Crown court building, Chennai-600086
www.shubhdiamonds.com
શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**

# શ્રી ક.દ.ઓ. જૈન એજ્યુકેશન સોસાયટી ગદગની નવી કારોબારી

શ્રી ક.દ.ઓ. જૈન એજ્યુકેશન સોસાયટી ગદગ દ્વારા સંચાલિત ઈંગ્લિશ મિડિયમ સ્કૂલની નવી કારોબારીમાં

પ્રમુખ – ડૉ. પ્રદીપ સોમચંદ સોની-વાકું

સેક્રટરી – સુજીવ જવેરચંદ સોની-વાકું

ઉપપ્રમુખ – વિજય પ્રવીણચંદ લુઠીયા-નાની ખાવડી

જોઈન્ટ સેક્રટરી – કલ્પેશ જીતેન્દ્ર પટેલ-બાંઢીયા

કારોબારી સભ્યો

સુધીર જવેરચંદ સોની-વાંકુ, પ્રીત પ્રદીપ ખોના-બારોઈ, રાજેશ મણિલાલ છેડા-નલિયા, વિપુલ નરેન્દ્ર લુઠિયા-નાની ખાવડી, ભરત ડુંગરશી છેડા-નલિયા, ગિરીશ કુંવરજી નાગડા-નલિયા, પ્રણવ ભૂપેન્દ્ર ખોના-બારોઈ. દિપક જયચંદ ખોના-નલિયા, વિપીન રતિલાલ મોતા-કુવાપધ્ધર, કમલેશ ત્રિકમશી શાહ-કુવાપધ્ધર દિપ્તિ મોનેશ લુઠીયા-નાની ખાવડી, સીમા વિપુલ શાહ-નલિયા, ગુંજન પંકજ ગાલા-ભોજાયની વરણી કરાઈ.



# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (નલિયા)

ધર્મશાળા-ફળિયા, નલિયા-કચ્છ. ફોન : ૦૨૮૩૧ ૨૨૨૩૩૭

**ચર્તુથ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે ચર્ચા-વિચારણા કરવા સર્વે નલિયાવાસી જ્ઞાતિજનો જોગ**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનનું ચર્તુથ સંમેલનના યજમાનનો લાભ આપણા મહાજનને મળ્યો છે. તે બદલ હર્ષની લાગણી અનુભવીએ છીએ. આ ચર્તુથ સંમેલનની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવા માટે આપણે સૌ ગામવાસીઓ તેમજ ગામની નિયાણી બહેનોની એક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આમાં સર્વની હાજરી અનિવાર્ય છે. તો આપ સર્વેને પધારવા નમ્ર વિનંતી.

**સ્થળ :**

**હોટેલ અર્ચના રેસીડેન્સી (બેંકવેટ હોલ),**

**એલ.બી.એસ.માર્ગ, મુલુંડ ચેકનાકાની બાજુમાં, મુલુંડ (વે), મુંબઈ – ૮૦.**

**સમય : રવિવાર, તા.૦૫-૦૮-૨૦૧૮ બપોરના ૩ થી ૫ કલાકે**

**ત્યારબાદ અલ્પહાર**

**લી.**

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા ના ટ્રસ્ટીગણ**

## જીવન ઘટમાળ

### જન્મ નોંધ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૪-૧૮ | ભાંડુપ | જીનાલી, કુંદન, પંકજ માણેકજી મૈશરી | મોટી સિંઘોડી | પુત્રી |
| ૨૬-૦૪-૧૮ | ડોંબિવલી | મહેક, માલા, ધર્મેશ સોમચંદ મોતા | રાપર ગઢવારી | પુત્રી |
| ૦૫-૦૫-૧૮ | ભાંડુપ | ધનિશા, કૃતિ અનિષ દિનેશ લોડાયા | વરંડી મોટી | પુત્રી |
| ૦૫-૦૫-૧૮ | જલગાંવ | ભુવી, જસ્મીન કુશાલ લાપસીયા | સુથરી | પુત્રી |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૭-૧૮ | ડોંબિવલી | કેવલ દિપક કુંવરજી મોતા | રાપર ગઢવારી | ૨૫ |
| | ડોંબિવલી | પૂર્વી અશોક લાલજી લોડાયા | વારાપધર | ૨૪ |

### અંતર જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૭-૧૮ | બેંગ્લોર | પ્રતિક શાંતિકુમાર દયારામચંદજી જૈન | બાડમેર | ૨૫ |
| | સેલમ | ચૈતાલી મનોજ ચંદ્રકાંત મુનવર | જખૌ | ૨૫ |

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદનો આગામી કાર્યક્રમ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનકચ્છી નવા વર્ષ ની ઉજવણી નિમિતે એક સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવા જઈ રહ્યું છે..તે માટે આપ સૌ ને દિલપુર્વક ભાવભર્યું આગોતરું આમત્રણ પાઠવે છે.

ટૂંક સમયમાં જ પરિપત્ર દ્વારા વિગતવાર માહિતી આપવા માં આવશે.

તા. ૫.૮.૨૦૧૮ રવિવાર

સ્થળ નરોત્તમ ઝવેરી હોલ, પાલડી

યુવાન યુવતી ...નાના નાના ભૂલકાઓ થઈ જાઓ તૈયાર

આ સાંસ્કૃતિક પ્રોગ્રામ મા જે અમદાવાદ ના જ્ઞાતિજનો રસ ધારાવતા હોય એમણે કેતન લોડાયા, અને જયદીપ ડી. મેશેરી,

મીરા ધરમશી, દીપા લોડાયા અને સલોની લાલકા નો સંપર્ક સાંધવા વિનંતી.

આ પ્રોગ્રામ મા આપ ગ્રુપ ડાન્સ, સોલો ડાન્સ, મિમિક્રી

જેવા પરફોર્મન્સ આપી શકશો અને નાના ભૂલકાં ઓ માટે નાની નાની રમતો નું પણ આયોજન કરવામાં આવશે.

તો થઈ જાવ તૈયાર અને શરુ કરો તૈયારી...

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922, 9322257731**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# Bipin Nagda Insurance Services



India's Leading Insurance Agent

**ISO 9001:2008 CERTIFIED COMPANY**

**Off:** 682, Ajanta Compound, Bhiwandi, Dist-Thane 421 305
**Helpline:** 02522 - 254011, 231411, 232190
**Tel.** 02522-254012 / 13 **Mob: 9323525000**
**Email: bipinpnagda@gmail.com**
**Web: www.bipinnagda.com**

## ABOUT US

- All Insurance Solutions under one Roof.
- Dealing with Brands

- Claim Consultancy
- Mediclaim / Personal Accidental / Workmen Consultancy Department
- In Fire Loss - Get Fire Claim Cheque within 30 days*.
- All types Service Related with Life & General Insurance.

नये एक्सीडेंटल या मेडिक्लेम पॉलिसी या रिन्युअर के लिए संपर्क करें।
दावे के साथ इससे सस्ता और बेहतर पॉलिसी / इन्सुरेन्स कहीं नहीं

**Free Claim Consultancy & Guidance**

**8 to 8 Sunday 9 to 1**

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં

**નીશિથ એ. દંડ**

(સેક્રેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

Gyatimaiya
Weekly E-magazine